દિવ્ય ભાસ્કર

વાપી ભાસ્કર 19-07-2023

દિવ્ય ભાસ્કર વલસાડ . વાપી

ખેડૂતોને માર્ગદર્શન

# કૃષિ વિકાસમાં અને ખેડૂતોના જીવનમાં પરિવર્તનમાં ICARની મહત્વની ભૂમિકા

## અંભેટી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ICAR સ્થાપના દિવસ અને ટેકનોલોજી દિવસ ઉજવાયો

ભાસ્કર ન્યૂઝ | વાપી

ઈન્ડીયન કાઉન્સીલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ (ICAR)એ કૃષિ સંશોધન અને શિક્ષણ વિભાગ (DARE), કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર હેઠળની એક સ્વાયત્ત સંસ્થા છે. જેની સ્થાપના 16 જુલાઈ 1929ના રોજ કરવામાં આવી હતી. ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICAR) ની સ્થાપનાની સ્મૃતિમાં અને કૃષિ ટેક્નોલોજીમાં થયેલી પ્રગતિ અંગે દેશનો ખેડૂત સમુદાય જાણકાર બને તે હેતુથી દેશભરમાં તા. 16 થી 18મી જુલાઈ દરમિયાન ICARના સ્થાપના દિવસ અને ટેક્નોલોજી દિવસની ઊજવણી કરવામાં આવી. જેના ભાગરૂપે ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અંભેટી દ્વારા કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. આર. એફ. ઠાકોરના માર્ગદર્શન હેઠળ કપરાડા તાલુકાના અંભેટી, કપરાડા અને ચીવલ ગામે કિસાનગોષ્ઠીઓ (ખેડૂતોની બેઠક)નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં આજુબાજુના સાત ગામોના આશરે 150થી વધુ ખેડૂતોએ હાજરી આપી હતી. ઉપસ્થિત ખેડુતોને કૃષિમાં ટેક્નોલોજીના મહત્વ અને ખેડૂતોને ખેતીમાં નડતા વિવિધ પડકારો વિશે જાણકારી મળી રહે તે માટે માહિતીપ્રદ લેક્ચરોનુ આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રના જમીન વિજ્ઞાનના વિષય નિષ્ણાંત એલ. ટી. કપુરે જમીન સ્વાસ્થ્ય અને પાકપોષણ અંગેની ICARની તાંત્રિકતાઓને ખેડુતો સમક્ષ રજુ કરી હતી. તથા કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. આર. એફ. ઠાકોરે દેશમાં કૃષિના વિકાસમાં ICARના યોગદાનના મહત્વ અને ખેડૂતોના જીવનમાં પરિવર્તન લાવવામાં તેની ભૂમિકા પર ભાર મૂક્યો હતો.

કેન્દ્રના પાક રોગજીવાત નિષ્ણાંત કમલેશ પટેલે પર્યાવરણીય સુરક્ષિત પાક સંરક્ષણની તકનીકોના ઉપયોગને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. ચીવલ ગામે આયોજીત ગોષ્ઠીમાં પાક ઉત્પાદનના નિષ્ણાંત મિતેશ ગજ્જરે ખેડૂતોને કૃષિ ઉત્પાદક્તા વધારવા માટે આધુનિક પદ્ધતિઓ અપનાવવા તથા ખેડૂતોને ટકાઉ અને સમૃદ્ધ ભવિષ્ય માટે નવીન પદ્ધતિઓ અંગે માર્ગદર્શન આપ્યુ હતુ.

આ ઊજવણી કાર્યક્રમનો ઉદ્દેશ્ય ખેડૂતોને આધુનિક કૃષિ તક્નીકોને અપનાવવા માટે પ્રેરણા અને સશક્તિકરણ કરવાનો હતો જે ઉત્પાદક્તામાં વધારો અને આજીવિકામાં વધારો કરી શકે છે.